Shree Hari

# Pushti Prasad



Dec. 07

PUSHTI MARGIYA VAISHNAV SAMPRADAY SAHITYA PRACHAR SEVA PARIWAR



પૂ.ગો. ઇન્દિરા બેટીજી

## રોમ રોમ ઝળકે છે શ્યામ

મારી આંખોમાં શ્યામ, મારા અંતરમાં શ્યામ,
મારા આતમના ઝૂલામાં ઝૂલે છે શ્યામ.
મારી કીકીમાં શ્યામ, મારી ટીકીમાં શ્યામ,
મારા કંઠમાં કોયલ થઈ ટહૂકે છે શ્યામ.
મારા શમણામાં શ્યામ, મારી રમણામાં શ્યામ,
મારા અધરોના વેણમાં રણકે છે શ્યામ.
મારા મનડામાં શ્યામ, મારા તનડામાં શ્યામ,
મને શ્યામ રંગ લાગ્યો મારું ખોવાયું નામ.
શ્યામ, શ્યામ, શ્યામ બધું ભીતર છે શ્યામ,
કહે ' શ્રાવણી ' કે રોમ રોમ ઝળકે છે શ્યામ.


❊ પ્રેરક–પ્રચારક–સંપાદક ❊

શ્રી વ્રજનીશ શાહ

E-mail : pushtiprasadinc@hotmail.com

www.pustiprasad.com

❊ C.E.O. ❊

શ્રી પંકજ એ. શાહ

E-mail : pankajshahadvocate@yahoo.com

❊ પરામર્શક ❊

પ્રા.ડૉ.શ્રી પ્રદ્યુમ્ન સી. રાયજીવાળા. ફોન : (૦૨૬૧) ૨૪૭૦૫૦૫

૮, સુફલમ્ સોસા., કદમ ભવન, સી. મહેન્દ્ર ઓફિસ સામે, નાનપુરા, સુરત.

❊ AMERICA CONTACT ❊

*Sh. Vrajnish R. Shah*

21710, Gorman Drive,
BOYDS MD. 20841 (U.S.A.)
Tel.# : 301-540-0006
E-mail : vrajnishshah@hotmail.com





❊ INDIA CONTACT ❊

*Sh. Pankaj A. Shah ( C.E.O.)*
Advocate
41, Manorath, Anand Rowhouse,
Adajan Road, SURAT (Guj.) INDIA.
Tel.# : (R) : +91-261-2736292, (O) : 2474151
E-mail : pankajshahadvocate@yahoo.com

**e - Media**

-: e - Media :-
*Sh. Prakash Mehta*
E-mail : mehta_prakash@yahoo.com.

-: e - Media :-
*Sh. Dipali Shah*
E-mail : pshah@ureach.com

**CALIFORNIA CONVENER**
*Sh. Hasmukh Modi*
Tel.# : (949) 857-5467
E-mail : hrmodi@acropower.co.in

**MUMBAI CONVENER**
*Sh. Viral Shroff*
Tel.# : 28694133
E-mail : viralshroff@vsnl.net

**BAHARIN CONVENER**
*Sh. Kushang Sheth*
Tel.# : 97339554172
E-mail : kusang_seth@yahoo.com

**NY / NJ CONVENER**
*Sh. Vijay Choksi*
Tel.# : (937) 614-0271
E-mail : vijayc@786 inc.com

**AHMEDABAD CONVENER**
*Sh. Ashvin N. Desai*
Vallabh sadan, Ashram Road,
Tel.# : 26449982

**LONDON CONVENER**
*Ms. Nina Nanavati*
Tel.# : (0207) 612-0506
E-mail : nina@crystaltravel.co.uk

**TEXAS CONVENER**
*Smt. Malvika Uday Shah*
Tel.# : (972) 208-2224
E-mail : malvikausa2@yahoo.com

**NEW YORK CONVENER**
*Sh. Vijay Patel*
Tel.# : 516 - 796 - 6160
E-mail : vijay@jnsassociate.com

**STATE CONVENER NC**
*Sh. Bhupin Shah*
Tel.# : (704) 873-4000
E-mail : shahbhupin@aol.com

**VA / MD CONVENER**
*Smt. Mira kirit Sheth*
Tel.# : (703) 471-345
E-mail : kiritosheth@gmail.com

**NEW YORK CONVENER**
*Ms. Mona J. Thakker*
Tel.# : (718) 533-6924
E-mail : Jaisrikrsana0902@aol.com

**CANADA CONVENER**
*Sh. Jay Shah*
Tel.# : (905) 455-2206
E-mail : maltijayshah@yahoo.ca.

**ADVISORY COMMITTEE**

*Sh. Dinesh Shah*
E-mail : dinesh shah@hotmail.com

*Sh. Vipul Chitalia*
E-mail : chitalia_v@yahool.com

*Sh. Parthiv Shah*
E-mail : parthiv@listlaunchers.com



*Published By :*
Pushtimargiya Vaishnav Sampradaya Sahitya Prachar Sewa Pariwar.

# નિકુંજનાયક શ્રીનાથજી



શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં સદૈન્ય
તથા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ
પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય સાહિત્ય
પ્રચાર સેવા પરિવારના પ્રચારકો-પ્રશંસકો
દ્વારા સમર્પિત.

અનુક્રમણિકા


| વિષય | પાના.નં. | વિષય | પાના.નં. |
|---|---|---|---|
| શ્રીવલ્લભ નામ અગાધ | ૧ | ભગવાન કયારે મળે ? | ૧૪ |
| ઉદ્ધવને ઉપદેશ | ૨ | Basics of Pusti Marg | ૧૫ |
| શિક્ષાપત્ર ૬ | ૩–૬ | સંતવાણી | ૧૬ |
| અષ્ટસખા પરમાનંદદાસ –કુંભનદાસ | ૭–૮ | મદનમોહન પ્રભુ અને ગો.શ્રીઘનશ્યામલાલજી | ૧૭ |
| અષ્ટસખા કૃષ્ણદાસ | ૯ | ગો.શ્રીગોવિંદરાયજી અને ગો.શ્રીગોકુલનાથજી | ૧૮ |
| ધર્મ એટલે શું ? | ૧૦–૧૩ | પા...પા...પગલી અને તિથિ તોરણ | ૧૯–૨૦ |


## શ્રીવલ્લભ નામ અગાધ

### પુષ્ટિ ભકિત

પુષ્ટિભકિતનો કોઈ પર્યાય નથી, કશું બીજું, એથી અધિક નથી.
તનુજા-વિત્તજા સેવા ફલરૂપ, માનસી સેવાનો મહિમા ઘણો;
ચિત્ત નિરોધ થાય તો તે ખરો, બાકી જલ પર દિસે છે જેમ પરો.
પુષ્ટિભકિતનો..............૧.

રચાવો ઉત્સવો તદ્સુખાર્થે, નહીં એ નિજ-પ્રતિષ્ઠાર્થે;
પ્રભુકૃપાએ સર્વ કાંઈ સિદ્ધ થતુ. એમાં કાંઈ તારું પ્રાબલ્ય નથી.
પુષ્ટિભકિતનો...............૨.

દાસ ગુણગાન નિરંતર કરે, તવ પદગાન, તવ કીર્તન કરે;
ઉછાળો છોળો કૃપાની, કૃપાસાગર !, ભીંજાય હૈયે આ વલ્લભ-કિંકર !!
પુષ્ટિભકિતનો...............3.

'વ્રજરજોત્સુક'ની આર્તિ છે, પ્રેમભકિતનો એ તો અર્થી છે;
દૈન્ય-નિ:સાધનનું લક્ષણ છે, તવ ચરણાશ્રયનું રક્ષણ છે.
પુષ્ટિભકિતનો..............૪.

'વ્રજરજોત્સુક'

# ઉદ્ધવને ઉપદેશ

॥ શ્રીગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥



પૂ.પા.૧૦૮ શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી

ભગવાનની સ્વાધામગમનલીલાનો, યદુકુલસંહારનો, સમય સમીપ આવ્યો. તે જોઈને ભગવાને જયારે ઉદ્ધવજીને જ્ઞાન આપવાનો પ્રારંભ કર્યો. એ પહેલા દ્વારિકામાં ચારેબાજુ સર્વત્ર અમંગલના એંધાણ થવા લાગ્યા, અશુભ ઘટનાઓ થવાની હોય, ત્યારે, વાતાવરણ જે થાય તેવું બધું સર્વત્ર થવા લાગ્યું તે જોઈ અંદરથી સમજી ગયેલ ઉદ્ધવજી ભગવાનના ચરણારવિંદમાં પોતાનું મસ્તક ઝુકાવી શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા, ગદગદ થતાં કહેવા લાગ્યા, હે નાથ, હું આપનો વિરહ સહી શકું એમ નથી, મારા રોમરોમમાં હે શ્યામ સુંદર આપ જ વસો છો તો પણ આપનાં પ્રત્યક્ષ દર્શન કરી નહીં શકું, તો મારા પ્રાણને કેવી રીતે હું ટકાવી શકીશ ? મારા હૃદયમાં આપ બિરાજમાન હોવા છતાં, આજની પરિસ્થિતિ મારી આવી છે જેને સહન કરવા શકિતમાન હું નથી, હે નાથ, આપના શરણમાં હું આવ્યો છું.

દેવદેવેશ યોગેશ પુણ્યશ્રવણકીર્તન ।
સંહત્યૈતત્ કુલં નૂનં લોકં સંત્યક્ષ્યતે ભવાન્ ।
વિપ્રશાપં સમર્થોઽપિ પ્રત્યહત્ર યદીશ્વરઃ ॥

હે દેવોના દેવ યોગેશ, હે યોગેશ્વર કૃષ્ણ, આપની લીલાઓનું શ્રવણ, આપના ગુણોનું કીર્તન બધાને અત્યંત પુણ્યમય—પાવન કરે છે, પરંતુ આપ સર્વ શકિતમાન પરબ્રહ્મપરમાત્મા છો, રૂષિઓના શાપને પણ આપ મિથ્યા કરવાની શકિત ધરાવો છો છતાં પણ એમના અભિશાપને આપે મસ્તક પર ચઢાવ્યો તેનું તાત્પર્ય ચોકકસ એ જ છે કે આપ હવે સ્વધામગમન કરવા ચાહો છો.

નોંધઃ-વધુ જાણકારી માટે ' ઉદ્ધવગીતા' સાર પુસ્તક વાંચવા વિનંતી.



વ્રજનિશ શાહ

( ગતાંકથી આગળ...)

છઠ્ઠું શિક્ષાપત્ર પંદર શ્લોકથી અલંકૃત છે. શ્રીહરિરાય આચાર્ય ચરણ પોતાના નાના ભ્રાતા થી ગોપેશ્વરજીનાં વહુજીના લીલામાં પધારતા, એઓશ્રીના મનમાં થતા ઉદ્વેગ નું સમાધાન કરે છે. દુઃખની શોકની પરિસ્થિતિમાં ધીરજ રાખવા શિખામણ શ્રીપ્રભુના ગુણ પૂર્વકનાં વિશેષણો સમર્થનમાં આપી સર્વે ભગવદ્ ઈચ્છાથી જ થાય છે. જીવ તેમાં હર્ષ કે શોક કરે તે વ્યર્થ છે. નકામુ છે. અઉચિત છે. શ્રીપ્રભુ કોઈ વસ્તુનો કોઈની સાથે કેવા પ્રકારનો ને કયાં સુધીનો સંબંધ છે. તે જાણે છે. અને તે જ પ્રમાણે જ સર્વ બન્યા કરે છે. માટે શ્રીપ્રભુની લીલા સમજીને જોયા જ કરવાનો, જીવનો ફકતને ફકત એક માત્ર અધિકાર છે. આ શિક્ષાપત્રમાં પ્રભુની ઈચ્છાના પ્રકાર પણ દર્શાવાય છે. પુષ્ટિમાર્ગમાં અંગિકાર ફકત મૂળની ઈચ્છા પ્રમાણે જ છે. એટલેકે લીલા પરત્વેની ઈચ્છા. આ ઈચ્છા પ્રભુની આધિદૈવિક ઈચ્છા છે. આમ સમજવાથી મનનું, હૃદયનું, ચિત્તનું સમાધાન થઈ જાય છે, જીવ માયાવી છે, માયાથી ઉદ્ભવતા અજ્ઞાનને પ્રભુ જેવી રીતેથી જીવનું હિત થાય તેવી જ રીતે કાર્ય કરે છે. અને થતા અનિષ્ટથી દૂર રાખે છે. આ સત્યને સમજી જીવે સમતા રાખવી જરૂરી છે. અજ્ઞાનતાનો અંચળો ઓઢી લઈ રડવું ન જોઈએ. વ્યાકુળ ન થવું જોઈએ. ધીરજ ગુમાવવી ન જોઈએ. અશાંતિ ક્રિએટ ન કરવી જોઈએ. ભગવદીઓનું દ્રુષ્ટિબિંદુ માત્ર ને માત્ર ભગવત્સંબંધવાળી જ લીલા પરત્વેની ઈચ્છા પ્રમાણેજ પુષ્ટિમાર્ગમાં સર્વ કાર્યો સિધ્ધ થતા હોય છે, એવું હોય છે. તાદશીય ભકતની ઈચ્છા માત્ર ભગવદિચ્છા છે. કારણ તેનું સાધ્ય વસ્તુ, પ્રભુ સિવાય બીજી કોઈ પણ વસ્તુમાં નથી જ માટેજ “કર્તા કરયિતા શ્રી હરિઃ”આ સુત્ર પ્રમાણે સૌ એ પ્રભુની ઈચ્છા જ, દરેક કાર્યમાં વિચારવી.

ભકતના અનિષ્ટની નિવૃત્તિ અને ઈષ્ટની પ્રાપ્તિ, પ્રભુ જ કરે છે. આર્તિ જેવી હોય, તેવો જ, ફળનો અનુભવ થાય છે. તેમાં લૌકિક કલેશ બાધક છે. જે જીવ લૌકિક દુઃખમાં, આમ જ્ઞાન રાખે, તો દુખી ન થવાય કે ન થાય.

પ્રથમ શ્લોકમાં જ શ્રીગોપેશ્વરજીના વહુજી લીલામાં પધારી જવાના, કાનને વિષરૂપ લાગે, એવો ગૃહભંગના સમાચાર સુણ્યા. 'ગૃહ ભંગ સમાચારાઃ શ્રુતાઃ શ્રુતિ વિષાયિતા' તેથી મનના સમાધાન માટે કાંઈક લખુ છું 'તદર્થં લિખ્યેતે કિંચિત સમાધાનાય ચેતસઃ' બીજા શ્લોકમાં શ્રી કૃષ્ણનું સદા સ્મરણ કરવા જણાવે છે. તથા શ્રીકૃષ્ણ જ સર્વેશ્વર, સર્વજ્ઞ અને સદા દયાળુ છે. જયારે જીવ, અસમર્થ ને જ્ઞાન શૂન્ય છે. એ એકદમ સત્ય છે. શ્રી કૃષ્ણ સર્વોપરી ઈશ્વરનાં ઈશ્વર છે. ઈશ્વર તેને જ કહેવાય કે પોતાની ઈચ્છામાં આવે એ જ કરે. બ્રહ્માદિક, શિવાદિક, ઈન્દ્રાદિક કોઈ શ્રી કૃષ્ણની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાને સમર્થ નથી. શ્રી પ્રભુ સર્વ કરવા સમર્થ છે. માટે શ્રી કૃષ્ણ સર્વેશ્વર છે. ત્રણે લોકમાં સર્વના હૃદયને જાણે છે. એનાથી કશું જ અજાણુ નથી કે અદૃષ્ટ નથી, છુપું નથી. ઈશ્વર બહુ જ દયાળુ છે. કૃપાનિધાન છે. પોતાના ભકતોના ક્ષણીક પણ દુઃખ, સંકટ મુશીલત સહન કરી શકતા નથી. એ જ શ્રીકૃષ્ણનો ધર્મ છે.

જીવ અસમર્થ છે, જીવ પોતે જે કાંઈ પણ કરે તેને પોતાની કૃતિ માને છે. એ અજ્ઞાન છે. પોતે બહુજ અજ્ઞાની છે. પોતાના પ્રભુને ભૂલ્યો છે. માયાથી મોહિત થઈ ગયો છે. હૃદયમાં જ્ઞાન શૂન્ય છે. એ કારણે પોતે પોતાનુ સામર્થ્ય જાણે છે. આ જ વિષય શ્રી મહાપ્રભુજી બાલબોધ ગ્રંથમાં આજ્ઞા કહે છે કે જીવ સ્વભાવથી જ દુષ્ટ છે. પ્રભુ ગુણનિધિ છે, જીવ દોષનિધિ છે. માટે પ્રભુની ઈચ્છાને, જીવ શી રીતે જાણે ?

તસ્યેચ્છા ત્રિવિધા પ્રોક્તા મૂલવેદસ્વભેદતઃ ।
મૂલેચ્છયા ગૃહીતાનાં નાડન્યથા કુરુતે ફલમ્ ॥૪॥

આ ચોથા શ્લોકમાં શ્રી પ્રભુની ત્રણ પ્રકારની ઈચ્છા છે. મૂલેચ્છા, વેદેચ્છા અને સ્વેચ્છા એમ પ્રભુની ત્રણ ઈચ્છા છે તેમાં પ્રભુએ જેનો (જે જીવનો) મૂલેચ્છાથી, મૂળની ઈચ્છાથી અંગકાર કર્યો છે, તેને જ પ્રભુ સ્વરૂપ સિવાય, અન્યથા ફળ થતું નથી. પ્રવાહી સૃષ્ટિને લૌકિક કાર્યમાં, પુષ્ટિ સૃષ્ટિને ભગવદ્ સેવા કાર્યમાં અને મર્યાદ સૃષ્ટિને કર્મ માર્ગમાં પ્રવૃતિ રાખવી. આવી ત્રિવિધ ઈચ્છા શ્રી ઠાકોરજીની છે. શ્રી આચાર્ય મહાપ્રભુજી સંબંધી જે પુષ્ટિ સૃષ્ટિ છે તેને તો ભગવાનની મૂલેચ્છા જ કર્તવ્ય છે. પુષ્ટિ સૃષ્ટિ ભકતોએતો, સર્વ કાર્ય, એક પ્રભુનું જ કરાવ્યુ થઈ જાય છે, એજ જ્ઞાન મનમા મક્કમતાથી રાખવું. પ્રવાહી સૃષ્ટિ જીવ માયાથી એમ સમજે છે કે માયા જ સર્વ,

કાર્ય કરે છે.મર્યાદા સૃષ્ટિ જીવોને કર્મ પ્રમાણે ફળ મળે છે. જેવા જેવા કર્મ, તેવા તેજ ફળ પામે છે.

પ્રવાહએવ નિયતેસ્તેષુ કૃષ્ણવિચારિતઃ ।
મર્યાદયા ગૃહિતાંસ્તુ પ્રવર્ત્તયતિ કર્મણિ ॥ ૫ ॥

શ્રી કૃષ્ણે, જે જીવને પ્રવાહ અને મર્યાદાથી જ ગ્રહણ કર્યા છે તેવા જીવોને તે કર્મ માર્ગમાં જ પ્રવૃત કરે છે. આ શ્લોકનું વિસ્તાર વિવેચન થતા પ્રવાહી સૃષ્ટિ જીવો લૌકિક ઈચ્છા માને છે. શ્રીકૃષ્ણે તેમને માટે લૌકિક આનંદમાંજ વ્યસ્ત રાખવા વિચારેલ છે. પ્રવાહી સૃષ્ટિના જીવ ન્યારા છે. ક્રિયા માર્ગના જીવ, મર્યાદા માર્ગના જીવ કર્મ પ્રમાણે ફળ પ્રાપ્ત થાય એ જ સમજે છે. માને છે ને એ જ પ્રમાણે વિચરે છે.

જીવદેહકૃતિનાં ચ ભિન્નત્વં નિત્યતા શ્રુતે :

પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રંથમાં શ્રીઆચાર્યાજી મહાપ્રભુજીના ઉપરોકત વચન છે. નિત્યતા શ્રુતિથી, જીવ, દેહ અને કૃતિનું ભિન્નત્વ છે. જુદા પણ છે આ વચન પ્રમાણે પ્રવાહી જીવો સદા ભ્રમમાં જ છે. જેઓ કદાપિ ભકિતમાર્ગમાં આવતા નથી. મર્યાદા માર્ગી જીવો સદા કર્મમાંજ પ્રવૃતિ છે. આ કર્મ માર્ગીય જીવો, વેદોમાં બતાવેલા કર્મોમાંજ રત્ હોય છે. જેવા કે હોમ, હવન, જપ, તપ, દાન, નિયમ, શ્રાધ્ધ ઈત્યાદિમાંજ પ્રવૃતિ રહે છે.તે કર્મના વેદદર્શિત ફળ ભોગવે છે. પુણ્ય કર્મ કરી સ્વર્ગલોકનું ફળ ભોગવે છે. પુણ્યનો ક્ષય થતા પુનઃસંસારમાં આવે છે. એમને પ્રભુ પ્રાપ્તિ થતી નથી. પરંતુ જે જીવોને સ્વરૂપથી ગ્રહણ કર્યા છે. તેમનુંજ સર્વ કાર્ય શ્રીપ્રભુ જ પોતે કરે છે. તે કૃપાળુ પ્રભુ, તે જીવની ચિંતાથી, વ્યાપ્ત છે. પ્રભુ સર્વ કરવાને સમર્થ છે. આ છઠા શ્લોકનો ભાવ છે.

સાતમા શિક્ષાશ્લોકમાં પણ જણાવાય છે કે, જે જીવ પોતાના સ્વભાવથી પોતાના અનિષ્ટને દુર ન કરી શકે. નિવૃત ન કરી શકે, તો શ્રીપ્રભુ, શ્રીકરુણાનિધિ પોતેજ પોતાના ભકતોને, અનિષ્ટ થી દુર કરે છે. શ્રીકૃષ્ણનુંજ કર્યું સર્વ ઠેકાણે થાય છે. શ્રીકૃષ્ણ કૃપાળુ છે. પોતાના ભકતો પર હંમેશા કૃપા કરતા આવ્યા છે. અને દરરોજ એ દૃઢ વિશ્વાસ વિચારી

પ્રભુનું જ ચિંતન કરવું. શ્રીકૃષ્ણ વિભુ છે. સર્વ સામર્થ્ય યુકત છે. શ્રીગુસાંઈજી વિજ્ઞાપ્તિમાં આજ્ઞા કરે છે. "કરવાનું, ન કરવાનું અને અન્યથા કરવાનું જે સામર્થ્ય ઈશ્વરમાં છે તે આપ (શ્રીઠાકોરજીમાં) જ મેં દીઠું એમાં સંશય નથી." માટે લૌકિક, વૈદિક જરા પણ, થોડી પણ, ચિંતા આપણે ન કરવી જોઈએ. શ્રી પ્રભુ પોતેજ સર્વ કરશે. પ્રભુ સર્વ

એવં તદીયૈર્મનસિનિશ્ચેયઃ સ્વપ્રભોગુણઃ ।
સ્વસ્મિન્નપિ વિનિશ્ચૈયાઃ પ્રભોરંગીકૃતિર્ધ્રુવા ॥૧૪॥

જેઓ ભગવાનના જીવો છે. તેમને પોતાના મનમાં પોતાના સ્વામી શ્રીકૃષ્ણનો ઉપકાર માનવો. ગુણ વિચારવો. આપણે શ્રીપ્રભુના અંગીકૃત જીવો છીએ. જેથી શ્રીપ્રભુ પોતાના અંગીકૃત જીવોનું સદા પ્રભુ જ રક્ષણ કરે છે. એમ દ્રઢ વિશ્વાસ રાખવો.

અત એવારમદાચાર્યૈરુદતં વરણલક્ષણમ્ ।
લોકે સ્વાસ્થ્યં તદા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ॥

વારંવાર વિચારીએ છીએ, જોઈએ છીએ. જીવ સ્વભાવથી જ દુષ્ટ છે. જો લૌકિક કાર્યોમાં સુખ મળે તો આશકત થઈ જાય છે. જો વૈદિક કાર્યોમાં સુખ પ્રાપ્ત થાય તો ત્યાં જીવ આશકત થઈ જાય છે. જેથી શ્રીપ્રભુનો આશ્રય હ્રદયમાં સ્થિર થતો નથી. અને પ્રભુનો આશ્રય હ્રદય માંથી જતો રહે તો, ભકતો નો નાશ થાય. માટે જ શ્રીઠાકોરજી લૌકિક તથા વૈદિક કાર્યો નિજભકતોના સિધ્ધ કરતાં નથી. જેથી જીવ આવા લૌકિક તથા વૈદિક કાર્યો કરવાનું મન ન કરે. અને કેવળ શ્રીપ્રભુનોજ આશ્રય કરે. ભકતોની, લૌકિક–વૈદિક સ્થિતિ છોડાવીને, શ્રીપ્રભુ શ્રીઠાકોરજી સદાજીવને પોતાનોજ કરે છે. આમ વિચારીને શ્રીહરિનો આશ્રય કરવો એજ સિધ્ધાંત સર્વોપરિ છે.

(વિશેષ જાણકારી માટે શિક્ષાપત્ર ગ્રંથનું નિત નિત વાંચન મનન ચિંતન એજ અંગીકૃત જીવનું સદ્‌કર્તવ્ય છે.)

*શ્રી વ્રજનિશ શાહ*
*સંપાદક : પુષ્ટિ પ્રસાદ*
*બોયડસ – મેરિલેન્ડ – યુ.એસ.એ.*

# પરમાનંદદાસ

સંકલન : ભદ્રેશ શાહ(ગોધરા)



| | |
|---|---|
| નામ | - પરમાનંદદાસ |
| જ્ઞાતિ | - કાન્યકુબ્જ (કનોજિયા) બ્રાહ્મણ |
| જન્મ સમય | - સંવત ૧૫૫૦ માગશર શુદ ૭ |
| જન્મ સ્થળ | - કનોજ |
| નિકુંજ લીલા સંબંધી સખાનામ | - તોક સખા |
| નિકુંજ લીલા સંબંધી સખીનામ | - ચંદ્રભાગા સખી |
| શરણાગતિ સમય | - સં. ૧૫૭૭, જેઠ સુદ-૧૨ |
| શરણાગતિ સ્થળ | - અડેલ |
| દીક્ષા ગુરૂ | - શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી |
| ભકિત | - સંયોગાત્મક નિર્ગુણ સખ્ય ભકિત |
| સ્વરૂપાસકિત | - શ્રી નવનીતપ્રિયજી |
| શૃંગારસકિત | - ગ્વાલપગા |
| પ્રભુના શ્રીઅંગમાં સ્થાન | - શ્રવણેન્દ્રિય |
| શ્રીગિરિરાજજીમાં અધિકૃત દ્વાર | - સુરભિકુંડ |
| પ્રભુની મુખ્યલીલામાં આસકિત | - બાળલીલા |
| કીર્તન સમય | - મંગલા |
| ભાવાનો મનોરથ | - ગુપ્તરસ |
| લીલામાં કોના સહચરી | - શ્રી રાધાજી સહચરી |
| લીલામાં રંગ-વર્ણ | - કેસરી |
| લીલામાં કુંજ | - માન કુંજ |
| લીલા સંબંધી ૠતુ | - શિશિર ૠતુ |
| અષ્ટછાપની સ્થાપના વખતે ઉંમરે | - પર વર્ષ |
| રચનાઓ | - પરમાનંદ સાગર (૨૦૦૦ પદો) |
| કીર્તનમાં છાપ | - પરમાનંદ, પરમાનંદદાસ, દાસપરમાનંદ |
| અભ્યાસ, રૂચી પ્રવિણતા વિગેરે | - કનોજમાં થોડું ભણ્યા, ગાનવિદ્યામાં ખૂબ નામ કમાયા સદાચારી કવીશ્વર તરીકે પ્રખ્યાત 'સ્વામિ' તરીકે પંકાયા. |
| દેહાવસાન સમય અને સ્થળ | - સં.૧૬૪૧, ભાદરવા વદ-૯, સુરભિકુંડ |
| ભુતલ પરની સ્થિતિ | - ૯૧ વર્ષ |
| સ્મૃતિ સ્થળ | - સુરભિકુંડ, શ્યામ તમાલ |

# કુંભનદાસ

સંકલન : ભદ્રેશ શાહ(ગોધરા)



| | | |
|---|---|---|
| નામ | - | કુંભનદાસ |
| જ્ઞાતિ | - | ગોરવા ક્ષત્રિય |
| જન્મ સમય | - | સંવત ૧૫૨૫ કાર્તિક વદિ ૧૧ |
| જન્મ સ્થળ | - | જમુનાવતા |
| નિકુંજ લીલા સંબંધી સખાનામ | - | અર્જુન સખા |
| નિકુંજ લીલા સંબંધી સખીનામ | - | વિશાખા સખી |
| શરણાગતિ સમય | - | સં. ૧૫૫૬ વૈશાખ સુદ-૩ |
| શરણાગતિ સ્થળ | - | ગોપાલપુર |
| દીક્ષા ગુરૂ | - | શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી |
| ભકિત | - | સંયોગાત્મક રાજસ સખ્ય ભકિત |
| સ્વરૂપાસકિત | - | શ્રી ગોવર્ધનનાથજી |
| શૃંગારસકિત | - | કુલ્હે |
| શ્રીગિરિરાજજીમાં અધિકૃત દ્વારા | - | જમુનાવતા |
| પ્રભુની મુખ્યલીલામાં આસકિત | - | નિકુંજલીલા |
| કીર્તન સમય | - | રાજભોગ |
| ભાવાનો મનોરથ | - | નાવ |
| લીલામાં કોના સહચરી | - | શ્રી તુલસીજીના સહચરી |
| લીલામાં રંગ-વર્ણ | - | સૌદામિની (રૂપેરી) |
| લીલામાં કુંજ | - | પન્ના કુંજ |
| લીલા સંબંધી રૂતુ | - | ગ્રીષ્મ રૂતુ |
| અષ્ટછાપની સ્થાપના વખતે ઉંમરે | - | ૭૭ વર્ષ |
| રચનાઓ | - | લગભગ ચારસો પદ |
| કીર્તનમાં છાપ | - | કુંભનદાસ |
| અભ્યાસ, રૂચી પ્રવિણતા વિગેરે | - | ગાનવિદ્યામાં અત્યંત નિપુણ, ભરપુર રચનાશકિત અને કાવ્યશકિત |
| દેહાવસાન સમય અને સ્થળ | - | સં. ૧૬૪૦, સંકર્ણકુંડ આન્યોર |
| ભુતલ પરની સ્થિતિ | - | ૧૧૫ વર્ષ |
| સ્મૃતિ સ્થળ | - | જમુનાવતા અને સંકર્ષણકુંડ |

# કૃષ્ણદાસ



સંકલન : ભદ્રેશ શાહ(ગોધરા)



| | | |
|---|---|---|
| નામ | - | કૃષ્ણદાસ |
| જ્ઞાતિ | - | કણબી પાટીદાર (પટેલ) |
| જન્મ સમય | - | સંવંત ૧૫૫૪ |
| જન્મ સ્થળ | - | ચિલોતરા (ગુજરાત) |
| નિકુંજ લીલા સંબંધી સખાનામ | - | રૂષભ સખા |
| નિકુંજ લીલા સંબંધી સખીનામ | - | લલિતા સખી |
| શરણાગતિ સમય | - | સં. ૧૫૬૭ |
| શરણાગતિ સ્થળ | - | વિશ્રામઘાટ - મથુરા |
| દીક્ષા ગુરૂ | - | શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી |
| ભકિત | - | સંયોગાત્મક નિર્ગુણ સક્ય ભકિત |
| સ્વરૂપાસકિત | - | શ્રી મદનમોહનજી |
| શૃંગારસકિત | - | મુકુટ |
| પ્રભુના શ્રીઅંગમાં સ્થાન | - | ચરણારવિંદ |
| શ્રીગિરિરાજજીમાં અધિકૃત દ્વારા | - | બિલછુકંડ |
| પ્રભુની મુખ્યલીલામાં આસકિત | - | રાસલીલા |
| કીર્તન સમય | - | શયન |
| ભાવાનો મનોરથ | - | રાસ |
| લીલામાં કોના સહચરી | - | શ્રી ચંદ્રાવલીજીના સહચરી |
| લીલામાં રંગ-વર્ણ | - | ગૌર |
| લીલામાં કુંજ | - | હીરા કુંજ |
| લીલા સંબંધી રૂતુ | - | શરદ રૂતુ |
| અષ્ટછાપની સ્થાપના વખતે ઉંમરે | - | ૪૮ વર્ષ |
| રચનાઓ | - | કૃષ્ણસાગર (લગભગ સાતસો પદો) |
| કીર્તનમાં છાપ | - | કૃષ્ણદાસ, કૃષ્ણદાસનિ |
| અભ્યાસ, રૂચી પ્રવિણતા વિગેરે | - | પ્રારંભિક અભ્યાસ વ્યવહારકુશળ, સાચાબોલ પાછળથી વ્રજભાષા અને ગાનવિદ્યા શિખ્યા |
| દેહાવસાન સમય અને સ્થળ | - | સં.૧૬૩૮, પૂછરી પાસે કુવામાં |
| ભુતલ પરની સ્થિતિ | - | ૮૪ વર્ષ. |
| સ્મૃતિ સ્થળ | - | બિલછુકુંડ અને પૂછરી પાસે કુવો |

ધર્મની બાબતમાં વિશદ અને વ્યાપક ચર્ચા થઈ છે અને ધર્મોના ખ્યાલને જુદી જુદી રીતે સમજાવવાના પ્રયત્નો થયા છે. ધર્મની વૈદિક વ્યાપક પ્રમાણે ધર્મએ આચરણનો વિષય છે. ઉચ્ચરણનો નહીં યાતો અભ્યુદય નિશ્ચેઃ સઃસધર્મ જેનાથી સર્વનો અભ્યુદય થાય અને સર્વનું આત્મકલ્યાણ થાય તે ધર્મ. ધર્નની આ વ્યાખ્યા પ્રમાણે માનવ કલ્યાણ એ ધર્મના કેન્દ્રમાં છે. ધર્મના બધા અંગો–પાસાઓમાં માનવ અભ્યુદય મહત્વનો છે. ધર્મની જાણીતી વ્યાખ્યા છે. ધાર્યતે ઈતિ ધર્મ જેને જીવનમાં સદા ધારણ કરી શકાય, આચરી શકાય તે ધર્મ. સાદી ભાષામાં કહેવું હોય તો ધર્મ એટલે સત્યની સમજ અને સત્યની શોધ. પરંતુ સત્ય એટલે શું ? સત્ય એત્લે જ સનાતન છે, શાશ્વત છે, અનંત છે. દેશકાળ પ્રમાણે બદલાય નહીં. સર્વ સમય અને સંજોગોમાં જે અપરિવર્તનશીલ હોય. ધર્મનું બીજું લક્ષણ છે તેનું આચરણ કરી શકાય. દરેક વ્યકિત તેનું આચરણ એક સરખી રીતે જીવનમાં સદા કરી શકે.

આમ ધર્મ ના બે પાસા થય. આચાર અને વિચાર. ધર્મનો આચાર વિચાર પર જ આધારિત હોય. જો વિચાર સાથે આચાર સુસંગત ન હોય તો તે ધર્મ ન કહેવાય. વિચાર એટલે તત્વજ્ઞાન, આને તત્વજ્ઞાન મુજબનું આચરણ એટલે ધર્મ, જીવનમાં વિચાર અને આચાર વચ્ચે સમન્વય થાય. મનુષ્યનો વિચાર, વાણી, વર્તન, ધર્મના સ્વરૂપને અનુરૂપ હોય તો તે વ્યકિત ધર્મમય જીવન જીવ છે.

પ્રશ્ન એ થાવ કે ધર્મનો હેતુ શું છે ? શા માટે ધર્મનું પાલન કરવાનું અને તે પ્રમાણે આચરણ કરવાનું ?

આપણા શાસ્ત્રોમાં બતાવ્યા પ્રમાણે માનવ જીવનના બે મુખ્ય હેતુઓ છે. (૧) દુઃખની નિવૃતિ અને (૨) સુખની પ્રાપ્તિ. શાસ્ત્રોના મતે પૂર્વજન્મના પાપકર્મોને લઈને આ જન્મમાં દુઃખ ભોગવવા પડે છે કે અધર્મ અને અનીતિથી હંમેશા દૂર રહેવું અને ધર્મમય, નીતિમય, પવિત્ર અને પ્રેમમય જીવન જીવવું. શાસ્ત્રોએ દુઃખ દૂર કરવાના પ્રયત્નોને અને સુખ મેળવવાના ઉપાયોને પુરૂષાર્થ કહ્યો છે. પુરૂષો અને અર્થ શબ્દોનો સમાસ થઈ પુરૂષનો અર્થશાસ્ત્રમાં–ઘ્પનિષદોમાં આત્મા માટે પુરૂષ શબ્દ વપરાય છે. એટલે પુરૂષનો અર્થ આત્મા અથવા મનુષ્યે પ્રાપ્ત કરવું તે અને (૩) પુરૂષ એ જ અર્થ એટલે પરમાત્માની પ્રાપ્તિ. શાસ્ત્રોએ દુઃખ નિવૃતિ માટે બે પુરૂષોર્થ કહ્યા (૧) ધર્મ અને (૨) મોક્ષ ધર્મ એટલે મનુષ્યની ફરજ અને ધર્મ પાલન. આ દ્વારા દુઃખ દૂર થાય અને મોક્ષ

દ્વારા જન્મ–મરણમાંથી મુકિત મળે. સુખની પ્રાપ્તિ માટે બે પુરૂષોર્થ કહ્યા (૧) અર્થ અને (૨) કામ. ધર્મપાલન માટે અર્થની – સંપતિની પ્રાપ્તિ જરૂરી.

શાસ્ત્રોની વાતને અને પુરૂષાર્થને એ રીતે પણ સમજી શકાય કે સુખ બે પ્રકારના છે (૧) પ્રેય સુખ એટલે કે દુનિયાદારીનું સુખ અને તે માટે જે પુરૂષાર્થ કરે છે. માણસ સુખ મેળવવા પૈસા કમાય છે. કમાયેલો પૈસો ભોગવાવા તે સંસરી સુખોની જે કામના કરે છે તે કામ છે (૨) શ્રેય સુખ એટલે દુનિયા પારનું સુખ, અને તે મેળવાવા ધણૂનું આચરણ કરે છે. અને ધર્મના આચરણ દ્વારા તે મોક્ષની કામના કરે છે. જન્મ–મરણના બંધનમાંથી મકિત ઈચ્છે અને ભગવદ્ પ્રાપ્તિની ઈચ્છા રાખે છે. મુકિત (દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, અંતઃકરણધ્યાસ, પ્રાણધ્યાસ અને સ્વરૂપાધ્યાસ) આમ શાસ્ત્રોએ મોક્ષને ધર્મનું અંતિમ પગથીયુ કહ્યું છે. શ્રીમહાપ્રભુજીએ વેદ–ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, ગીતા અને ભાગવતનું મંથન કરીને સમજાવ્યું કે ધર્મની સાથે અર્થ અને કામ પણ પ્રભુ પ્રાપ્તિમાં વાપરવા જોઈએ. પ્રભુ પ્રાપ્તિ માટે ભગવાને આ માનવદેહ આપ્યો છે અને તેથી માનવજીવનનું અંતિમ લક્ષ્ય ભગવદ્ પ્રાપ્તિ છે અને તે માટેના ચાર સાધનો ધર્મ, અર્થ કામ અને મોક્ષ છે.

આમ ધર્મ એટલે સત્યની સમજ અને શોધ, અઅત્માની સમજ દ્વારા પરમાત્માની પ્રાપ્તિ. વિશ્વમાં શાશ્વત અણે અનંત આનંદ એકલા પરમાત્મામાં છે. આથી ઉપનીષદે પરમાત્માને સચ્ચિદાનંદ કહ્યા છે. જીવમાં સત્તનો ગુણ પણ છે, પરંતુ પોતાના મૂળ સ્વરૂપની વિસ્મૃતિને લઈને આનંદનો ગુણ તિરોહીત થયો છે. જગતના જડ પદાર્થામાં પણ અનંદનો ગુણ નથી. આનંદ એકલો પરમાત્મામાં જ છે, જેને યેગીઓ બ્રહ્મ કહે છે, જ્ઞાનીએ પરમાત્મા કહે છે અને ભકતો ભગવાન કહે છે. આાને અથૃ ,કે પરમાત્માની પ્રપ્તિ માટેનો માર્ગ એટલે ધર્મ અને પરમાત્મા એટલે આનંદ. ઉપનિષદ કહે છે.

*પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમૂદ્ચ્યતે ।*
*પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણ મેવા વસિષ્યતે ॥*

આમ બ્રહ્મ એ પૂર્ણાનંદ છે. જેમ સમુદ્રમાંથી પણી લઈ લેવામાં આવે તો પણ સમુદ્રમાં પાણી ઓછું થતું થી કે સમુદ્રમાં ગમે તેટલું પાણી ઉમેરવામાં આવે તો પણ સમુદ્રમાં નદીની જેમ પૂર આવતું નથી. પાણીની વધઘટથી સમુદ્રના સ્વરૂપમાં કોઈ ફેર પડતો નથી. બ્રહ્મના આનંદમાં કોઈ વધઘટ થતી નથી કારણ કે તે પૂર્ણાનંદ છે. વેદ, ઉપનિષદ, ભગવતૃગીતા, ભાગવત આજ વાત હજારો વર્ષોથી આપણને કહેતા આવ્યા છે.

સાંપ્રત સમયમાં જયારે આપણે સંસાર વ્યવહારમાં ખોવાઈ ગયા છે. સરાસારનો વિવેક ભૂલી ગયા છીએ, શાસ્ત્રોની ભાષામાં પ્રેયની પ્રાપ્તિમાં ખોવાઈ ગયા છે, ત્યારે દુનિયાપારનું સુખ, શાંતિ અને આનંદ જેને શાસ્ત્રો શ્રેય કહે છે, તત્સુખ પણ કહે છે, તેની પ્રાપ્તિ કયારે થશે ? આનો જવાબ હકારમાં છે, જરૂર છે. આપણો અભિગમ બદલી વાસ્તવિકતા સ્વીકારવાની અને તે મુજબ જીવન દ્રષ્ટિ કેળવવાની, વેદ, ઉપનિષદ દ્વારા ધર્મ–સંપ્રદાયની સાચી સમજ દ્વારા મૂલ્ય, નીતિ, પ્રેમ, દયા, પવિત્રતા અને ભ્રાતૃભાવ જેવા ગુણોના આચરણથી માણસ સાચુ સુખ, શાંતિ અને આનંદ પ્રાપ્ત કરી શકે. ભારતના વૈદિક સનાતન ધર્મની આ વિચારસરણી છે.

## આટલા બધા ધર્મો કેમ ?

શાસ્ત્રોમાં કહ્યા મુજબ જીવ એ બ્રહ્મનો અંશ છે, આમ દરેક મનુષ્યમાત્રમાં રહેલો જીવાત્મા એક જ પરમાત્માનો અંશ છે, જેવી રીતે અગ્નિમાંથી નીકળતા બધા તણખા સમાન જ હોય છે તેમ પરમાત્માના અંશ રૂપ બધા જીવાત્મા પણ સમાન, તો પછી એમને માટે જુદા–જુદા ધર્મો કેમ ? બીજું કે દરેક ધર્મની મૂળભૂત વિચરસરણી એક જ છે, પ્રભુ પ્રાપ્તિ, તો પછી આટલા બધા ધર્મો અને સંપ્રદાયની શું જરૂર ? ધર્મ અને સંપ્રદાય એક છે કે જુદા ?

જગતની રચના કરવાનો પરમાત્માને હેતુ પોતાના આનંદ માટે ક્રીડા કરવાનો છે, પરંતુ ક્રીડાનો આનંદ ત્યારે મળે જયારે એમાં વૈવિધ્ય હોય. આપણને પણ એકનું એક ભોજન રોજ ગમતું નથી, એકના એક કપડાં પહેરવા ગમતા નથી. વૈવિધ્ય પસંદ છે. આથી પરમાત્માએ વૈવિધ્યપૂર્ણ જગત બનાવ્યું. માણસો અલગ બનાવ્યા. તેમના રંગ, રૂપ અલગ બનાવ્યા. તેમના સ્વભાવ અલગ બનાવ્યા. દરેક માણસના સ્વભાવ, બુદ્ધિ અને પસંદગી અલગ તેથી પ્રભુ પ્રાપ્તિ માટે પરમાત્માએ અલગ અલગ ધર્મો બનાવ્યા. બધા જ માણસો એક ભાવે પ્રભુને ભજે, એ, પ્રભુ પણ ઈચ્છતા નથી.

બીજુ કે માણસના સ્વભાવ, બુદ્ધિ અને શકિત અલગ અલગ હોવાથી તેમના જીવન અને ધ્યેયની પ્રાપ્તિ માટે અલગ અલગ માર્ગો બનાવ્યા. કોઈ માણસ પોતાની બુદ્ધિ શકિતથી જીવનમાં આગળ વધે છે, કોઈ પોતાના શરીર શકિત–હાથ પગની શકિતનો ઉપયોગ કરે છે, તો કોઈ લાગણીના બળે કામ કરે છે,પરિણામે પ્રભુ પ્રાપ્તિ માટે જ્ઞાન માર્ગ, કાર્મમાર્ગ, અને ભકિતમાર્ગ અસ્તિત્વમાં આવ્યા.

જેવી રીતે ભણવા માટે જુદી જુદી કોલેજો અને યુનિવર્સિટીઓ છે. જે વિદ્યાર્થીની શૈક્ષણિક યોગ્યતા, બૌદ્ધિક ક્ષમતા અને રૂચિ–પસંદગી અનુસાર જુદા–જુદા વિષયોનું શિક્ષણ વિવિધ વિદ્યાશાખાઓ હેઠળ આપે છે. તેવી રીતે માણસના સ્વભાવ, શકિત, બુદ્ધિ, રૂચિ અને જીવનના ધ્યેય અનુસાર જુદા જુદા ધર્મો અસ્તિત્વમાં છે.

શ્રીમહાપ્રભુજી પુષ્ટિ–પ્રવાહ–મર્યાદા ગ્રંથમાં જુદા જુદા ધર્મો હોવાનો જવાબ આ રીતે આપે છે. ભગવાને રચેલી મનુષ્ય સૃષ્ટિ બે પ્રકારની છે. આસુરી સૃષ્ટિ અને દૈવિ સૃષ્ટિ. જે પોતાના સ્વાર્થમાં રચ્યો પચ્યો રહે, માત્ર પોતાનું સુખ ઈચ્છો, નીતિ–અનીતિ કે ધર્મ–અધર્મનો વિચાર ન કરે તે આસુરી સૃષ્ટિ. શ્રીમહાપ્રભુજી એને પ્રવાહી સૃષ્ટિ કહે છે. પ્રવાહી જીવોનો ધર્મ પૈસા કમાવવાનો અને ખાઈ–પી મજા કરવાનો છે. તેમનો ઉદ્ધાર થતો નથી.

બીજી દૈવી સૃષ્ટિ બે વિભાગમાં વહેંચાયેલી છે. મર્યાદા અને પુષ્ટિસૃષ્ટિ. મર્યાદા સૃષ્ટિ, શાસ્ત્રો–ધર્મોનો સ્વીકાર કરે છે. જ્ઞાન, કર્મ કે ભકિત કોઈ એક માર્ગે ચાલે છે. મર્યાદા જીવો યજ્ઞ, તપ, વ્રત, પૂજા, ઉપાસના, ભોગ જેવા કર્મો દ્વારા અથવા જ્ઞાનદ્વારા કે શ્રવણ, કીર્તન વગેરે નવધા ભકિત દ્વારા આલોક કે પરલોક સુખ કે મોક્ષ મેળવવા વિવિધ ધર્મોનો સહારો લે છે. ત્રીજી સૃષ્ટિ છે પુષ્ટિ સૃષ્ટિ તે નિષ્કામ ભાવવાળી સૃષ્ટિ છે. પુષ્ટિ જીવોને મોક્ષ પણ નથી જોઈતો, તેઓનો એક જ ધર્મ છે કે ભગવદ્ સુખ માટે ભગવદ્ સેવા.

આમ મનુષ્યોના સ્વભાવ,શકિત રૂચિ, પસંદગી, જીવનનું ધ્યેય પાયાની વિચારસરણી છે – પ્રભુ પ્રાપ્તિ. દુનિયામાં જુદા જુદા ધર્મો હોય પરંતુ દરેકના સ્વભાવ અને શકિતને અનુકુળ આવે એ એનો સ્વધર્મ, એટલે ગીતામાં ભગવાને કહ્યું,

**સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ।**

ધર્મ એ ચર્ચાનો વિષય નથી. શ્રદ્ધાનો વિષય છે. આ વાત આજના સમયમાં ધર્મને નામે લડતા સૌએ સ્પષ્ટ સમજવાની જરૂર છે. કોઈ ધર્મ સારો કે ખરાબ નથી. કોઈ ધર્મ ઉચો કે નીચો નથી. બધા ધર્મો સરખા છે.

સર્વધર્મ પ્રત્યે સમભાવ, સદ્ભાવ અને સહિષ્ણુતા હોવા જોઈએ. ધર્મના નામે થતા ઝાઘડાઓમાં ધર્મનો દોષ નથી. ધર્મ કોઈ પ્રત્યે દ્વેષ કે અવિશ્વાસ રાખવાનું શીખવતો નથી. પરંતુ આપણે ધર્મના સાચા સ્વરૂપને ન સમજતા હોવાથી, સમાજમાં ઝઘડા, અશાંતિ અને તનાવ ઊભા થયા છે.

ડૉ. બિપિન ડી. શાહ

## ભગવાન ક્યારે મળે ?

એક દિવસ યમુનાજીના કાંઠે નારદ મુનિ એક યોગીને પૂછે છે, તમે કોની સાધના કરો છો ? તમે કોનું ધ્યાન ધરો છો ? અને શા માટે ? યોગીએ કહ્યુ; જગતના પદાર્થમાંથી ચિત્ત હટી જાય અને કૃષ્ણમાં ચિત્ત જોડાય તે માટે. નારદજી સામે કાંઠે ગયા અને ત્યાં એક ગોપીને સાધના કરતી જોઈ અને પૂછ્યું, તું કોની સાધના કરે છે ? કોનું ધ્યાન ધરે છે ? અને શા માટે ? ગોપીએ કહ્યું મારા ચિત્તમાંથી કૃષ્ણ નીકળી જાય અને ઘરના કામકાજમાં ચિત્ત ચોંટે તે માટે.

ગોપીઓના મનની દશા અલૌકિક છે. તેમને જયાં જુવો ત્યાં કૃષ્ણ દેખાય છે, સ્થળે સ્થળે કૃષ્ણ દેખાય છે. જયારે યોગીઓના મનની દશા જુદી જ છે. જયાં જુઓ ત્યાં કૃષ્ણ છે, પણ તેમણે તે દેખાતો નથી. કારણકે ઓળખવામાં ભૂલ છે, સમજણમાં ફેર છે. ગોપીભાવ અર્થાત ભગવદ્દભાવ જયાં સુધી જન્મે નહિ, ત્યાં સુધી ભગવાન મળે નહિ કે ઓળખાય નહિ.

- ધીરૂભાઈ શાહ
ટ્યુસ્ટન-ટેક્ષાસ
(યુ.એસ.એ.)

---

## Repeat The Name of Shri Vallabha Re

( To be Sung with modification to the tane of
jaya shri Vallabha jaya vitthala )
Prof. R.M. Paleja

O re O tongue re !
Repeat the name of shri Vallabha re
Shri Vallabha Vallabha Vallabha re
Repeat the name of shri Vallabha re

O re O tongue re !
Repeat the name of shri Krishna re
Shri Krishna Krishna Krishna re
Repeat the name of shri Krishna re

O re O tongue re !
Drink not, drink not, drink not re
The poison of the world drink not re
The nectar of the name of Vallabha drink re
The nectar of the name of Shri Krishna drink re

O re O tongue re !
Repeat the name of shri Vallabha re
Repeat the name of shri Vallabha re

Q.: 124 Who was required by Lord for the helpless Jiva, by taking them under his refuge and extinguishing his sins ?

A.: 124 The fire of the mouth of Lord Krishna alone is potent enough to exitinguish the sins and vices. This Fire resides in the mouth of VAISHVANER SWARUP of Lord Krishna, Shrimad Vallabhacharya is such incarnation of Lord Krishna.

Q.: 125 How can we know that Shrimad Vallabhacharyaji himself is Divine Fire (VAISHVANER) ?

A.: 125 Shri Vallabhacharya Prabhu himself has written in one of his treaties NIBANDH as "AGNISHCHAKAR TATWARTHDEEP BHAGAVATE MAHAT " in Anubhasya it is written "AGNINA MAYA SARVAM " and in " SHESH VYSAGNI MARUTI " is read in " JALBHED " from this it is established that he is vaishvaner swarup and has come to the world due to his ardent inclination and affinity for divine souls.

Q.: 126 Are there any confirmation of endorsement of the fact that shrimad vallabhacharyaji, is the Lord of Fire of the mouth of Lord Shri Krishana ?

A.: 126 Yes, there are number of evidence e.g.; 1st chapter of Shri Subhodhiniji Chhandogya Upanishad, Antah Karan Praboodh Grandh. It is also corroborated by the divine event of " ASUR VYAMOH LEELA."

Q.: 127 What does Shri Hariraiji state in respect of Shrimad Vallbhacharyaji ?

A.: 127 Shri Hariraiji says about Shrimad Vallabhacharyaji, that as Lord Krishna liberated soul by Swarup Leela, Shrimad Vallabhacharyaji intended to liberate soul by preaching. As such, he is incarnated as a humanbeing and looking like a worldly person, but he is Lord KRISHNA HIMSELF.

Q.: 128 How did the devote know his secret ?

A.: 128 The real Devotees has already known His DIVINE CHARACTER.

Q.: 129 Where Shri Vitthalanathji, (Shri Gosaiji), has described the personality of Shri Vallabhacharyaji ?

A.: 129 SHri Gosaiji has described the hidden personality of Shri Vallabhacharyaji in SARVOTTAM, SHRI VALLABHASTAK and " SFURAT KRISHNA PREMAMRUT."

## હરિ ઈચ્છા બળવાન છે તેમ છતાં ટેવ પાડો તો પડે.

(૧) મનુષ્ય પડતી વખતે, ઠોકર ખાય ત્યારે, દુ:ખી હોય ત્યારે, છીંક ખાય ત્યારે અથવા વિવશ અવસ્થમાં આવી પડે ત્યારે મોટે સ્વરેથી 'શ્રી હરયે નમઃ' બોલે તો તેના સર્વ પાપોનો નાશ થાય છે.

(૨) મૃત્યુ સમયે પરમાત્માનું નામ–ધ્યાન કરે તેને પ્રભુ પોતાના સ્વરૂપમાં લઈ જાય છે.

(૩) વાણી, વિચાર, વર્તન અને સદાચારથી સર્વત આનંદ આપે તેને ત્યાં ભગવાન આવે છે.

(૪) જગતમાં સર્વ કોઈને પ્રસન્ન કરવું જેટલું કઠીન છે તેટલું પરમાત્માને પ્રસન્ન કરવા તે એટલું કઠીન નથી.

(૫) વખાણથી રાજી થશો નહીં, નિંદાથી નારાજ થશો નહી, વિંધવા માટે મોતી છે, કોઈનું કાળજુ કે હ્દય વિંધશો નહી.

(૬) સંસારમાં રહીશો તો વધતી જતી ઉંમરે, શ્રીહરિ ભૂલાતો જશે પણ જો સંસારમાં અલિપ્ત રહીશો તો વધતી જતી ઉંમરે શ્રીહરિ સ્મરાતો જશે.

(૭) સારુ સર્વ કંઈ શ્રીહરિ સિધ્ધ કરી આપશે જે કે વિરહતાપ તે ચોક્કસ આપશે.

(૮) સાધકે ખંડન મંડનની ભાંજગડમાં પડવું નહીં. શરીર સુખનાં સૌંદર્યમાં અને આડંબરરૂપી બાહ્યાચારમાં સપડાવું નહીં.

(૯) જતાં–આવતાં જય શ્રી કૃષ્ણ કહો, બહારગામ જાવ તો તમારા ઠાકોરજી માટે કંઈક ઉત્તમ વસ્તુ જરૂર લાવજો, તમારો પ્રવાસ ભકિત બની જશે.

(૧૦) આ બધું છોડીને એકવાર બધાએ એકલા જવાનું છે આ સૌને ખબર હોવાથી સૌ સ્ત્રી–પુરુષના શરીરમાં, સંપત્તિમાં, ન ખાવા જેવું ખાવામાં અને ન પીવા જેવું પીવામાં સુખ શોધે છે. તે માને છે કે તેને આનંદ મળે છે. પરંતુ તે માત્ર આભાસ છે. શરીર સંબંધી છે. આત્માનો પરમ સાથે ના મિલનનો સત્યાનંદ અનેરો હોય છે.

(૧૧) અપેક્ષાને ઓછી કરો અને પ્રાપ્તમાં સંતોષ રાખો તેજ જીવન મુદ્રાલેખ છે., ઠાકોરજીની ઈચ્છા–આપણે અનુસરીએ.

*સંકલન : અમી પંકજ શાહ*

# ગો.શ્રીમદનમોહનપ્રભુ




બેનુ બજાવત સુંદર બદન ।
સુનત હી તેં દોરી આઈ,
પૂછત હેં કયોં છાંડયો સદન ? ॥ ૧ ॥
ધર્મ છાંડી, નિજ ધર્મ કિયો હમ,
તુમ કયોં ગૌર ભયે નંદનંદન ? ।
'દ્વારકેસ' પ્રભુ હમ સબ જાનત,
ન્યાય કહત હો મન્મથ કંદન ॥ ૨ ॥

# ગો.શ્રીઘન્શાયમલાલજી




જયતિ પદ્માવતી સુમન વિઠ્ઠલ તનય, ।
નામ ઘન્શ્યામ મુખ ચંદ સરિખૌ ॥
રુચિર અંગ અંગ, બહુ સાજિ તરખાન બસન
દરસ કરિ ધ્યાન, નિજ રૂપ પરિખૌ ॥ ૧ ॥
સેવૌ સદા મહા પરમ ફલ જાનિ યહિ,
માનિ બડ ભાગ મન સબનિ હરખો ॥
'રસિક' કો દાસ સિર નાંઈ બારંબાર
પિવૌ સરસ રસ નિત્ય બરખૌ ॥ ૨ ॥

# ગોવિંદરાયજી



શ્રી વિઠ્ઠલનાથ કે આજ બધાઈ ।
માગસિર્સ કૃષ્ણ અષ્ટમીકો સસી,
ઉધ્યો પૂરન માઈ ॥ ૧ ॥
પૂરે ચૌક ધામ મોતિ નકે,
બંદનવાર બંધાઈ ॥
ધ્વજા પતાકા દીપ કલસ સજિ,
ધૂપ સુગંધ મહાઈ ॥ ૨ ॥
બાજત ઢોલ નિસાન નગારે, ઝાંઝ ઝમકિ સહનાઈ ॥
ગગન વિમાનનિ છાઈ રહયો હૈ, દેવ કુસુમ બરખાઈ ॥ ૩ ॥
શ્રુતિ મુખ ભાખત જય જય બોલત, ડોલત ચહું દિસિ ધાઈ ॥
રસિકદાસ મતિ હીન અતિ, ગોવિંદ નામ કહાઈ ॥ ૪ ॥

# ગોકુલનાથજી



સબ મિલ આવોરી તુમ આવૌ,
આંગન મોતિન ચૌક પુરાવૌ ॥
યહ ઉચ્છવ હૈ નિત્ત હમારે,
આનંદ મંગલ ગાવૌ ॥ ૧ ॥
ગોકુલનાથ જનમ દિન આયો,
નૈનન નિરખત હિયો સિરાવૌ ॥
'વૃંદાવન' પ્રભુ આરતિ કરિ કરિ,
શ્રી વલ્લભ લાલ રીઝાવૌ ॥ ૨ ॥

## શ્રી

શુભની શરૂઆત,
'શ્રી' થી થાય.
માન આપવા 'શ્રી' વપરાય.
રમવા માટે બે જોઈએ,
શ્રીકૃષ્ણ એકલા પડે, તેથી
કૃષ્ણે રાધાજીને ડાબા અંગમાંથી પ્રકટ કર્યા.
ગોકુલમાં જામી જોડી,
રમવા, કુદવા ને આનંદ કરવા,
રાધા કૃષ્ણ એક હતા, તે બે થયા.
કૃષ્ણરાધાને વશ થયા,
રાધા કૃષ્ણ એક થયા.
પ્રેમસ્વરૂપે ગુંજી રહ્યા.
અને વૈષ્ણવના ભાગ્ય ઉઘડ્યા.

## શ્રી કૃષ્ણ

કૃષ્ણ પ્રગટ્યા, ધન્ય, ધન્ય,
યુગે યુગે પ્રગટ્યા, ધન્ય, ધન્ય
ધર્મનું રક્ષણ કરવા, ધર્મ ધજા ઉંચી રાખવા,
અસુરોનો સંહાર કરવા,
દેવકીને કુખે જન્મ્યા.
યશોદાને ખોળે ખેલ્યા.
અર્જુનના સારથી બન્યા,
ગીતાજી દ્વારા જ્ઞાન, કર્મ અને
ભક્તિનું જ્ઞાન આપ્યું.
પાંડવ પક્ષે રહી, સત્યનો જય કર્યો.
ગોકુળમાં બાલ લીલાઓ કરી.
વૃંદાવનમાં રાસ રચ્યો, મથુરામાં કંસનો વધ કર્યો.
સંતોનું રક્ષણ કર્યું,
પુષ્ટિ જીવનો ઉધ્ધર કર્યો.

**સુમનભાઈ શાહ**
**સહ સંગઠન મંત્રી, આ.પુ.વૈ.પ.**

| તિથિ | વાર | તારીખ | કાર્તિક-માગશર માસના આસો-કાર્તિકમાસ વ્રતઉત્સવો |
|---|---|---|---|
| ૮ | શનિ | ૧ | શ્રીગુંસાઈજીના બીજાલાલ શ્રીગોવિંદરાયજીનો ઉત્સવ (૧૫૯૯) |
| ૧૧ | બુધ | ૫ | ઉત્પત્તિ એકાદશી વ્રત |
| ૧૩ | શુક | ૭ | શ્રીગુસાંઈજીના સાતમા લાલ શ્રીઘનશ્યામજી નો ઉત્સવ (૧૬૨૮) |
| ૧ | સોમ | ૧૦ | ઈષ્ટિ |
| ૭ | રવિ | ૧૬ | શ્રીગુંસાઈજીના ચતુર્થલાલ શ્રીગોકુલનાથજીનો ઉત્સવ(૧૬૦૮) |
| ૯ | મંગળ | ૧૮ | શ્રીગુંસાઈજીના ઉત્સવની વધાઈ |
| ૧૧ | ગુરૂ | ૨૦ | મોક્ષદા એકાદશી વ્રત |
| ૧૪ | રવિ | ૨૩ | ૫૬ ભોગ,કેટલાક બલદેવજીનો ઉત્સવ માને છે,ગોપ માસ સમાપ્તિ. |
| ૭ | રવિ | ૩૦ | શ્રીગુંસાઈજીના જેષ્ઠ પૌત્ર શ્રીગોવિંદજીના પુત્ર શ્રીકલ્યાણરાયજી નો ઉત્સવ (૧૬૨૫) |

## 'પુષ્ટિ પ્રસાદ' આજીવન મનોરથી વૈષ્ણવોને સદૈન્ય જય શ્રીકૃષ્ણ

શ્રીમતિ મૃદુલાબેન મનુભાઈ અમિન IL, USA
શ્રીમતિ અમિતાબેન જયોતિનભાઈ ભરવાડા MD, USA
પૂ. મંજુલાબેન રમણલાલ શેઠ CT, USA
પૂ. શર્મિષ્ઠાબેન રમણલાલ પટેલ VA, USA
શ્રીમતિ ગીતાબેન કિરણભાઈ મહેતા MD USA
શ્રીમતિ કુમુદ ઈન્દ્રદમન શાહ NJ, USA
શ્રી હિરેન્દ્ર કે. માલાની NJ, USA
શ્રી રજનીકાંત જે. પરીખ NJ, USA
પૂ.શ્રી લિલાબેન નટુભાઈ પટેલ MI, USA
પૂ.શ્રી વિરબાળાબેન રમેશચંદ્ર શાહ કઠલાલવાળા
શ્રીમતિ નૈનાબેન બાબુભાઈ ચોકસી CA, USA
શ્રીમતિ હેમલતાબેન ઠાકોરભાઈ શાહ NJ, USA
શ્રીમતિ શિલાબેન દેવેન્દ્રભાઈ શાહ FL, USA
પૂ. સાવિત્રીબેન ડૉ.ચંદ્રકાંત શાહ KADOD
શ્રી નરેન્દ્રભાઈ ડી. શાહ UK
શ્રીમતિ સુમનબેન સૂર્યકાંત શાહ CA, USA
શ્રી ચિમનલાલ મદાની IL, USA
શ્રીમતિ દામિનિ શશીકાંત પરીખ PA, USA
શ્રીમતિ હેમલતાબેન નવિનભાઈ શાહ NJ, USA
શ્રીમતિ નિરંજનાબેન ખંડુભાઈ પટેલ VA, USA
શ્રીમતિ પદમાબેન મુકુન્દભાઈ મહેતા NY, USA
શ્રીમતિ નૈનાબેન બાબુભાઈ ચોકસી NY, USA
શ્રીમતિ પદમાબેન મુકુંદભાઈ મહેતા NY, USA
શ્રીમતિ સર્જુનબેન કૃષ્ણદાસ શાહ CT, USA
શ્રી નિતિનભાઈ જે. અરાચા VA, USA
શ્રીમતિ હંસાબેન ગુણવંતભાઈ નરોલા VA, USA


'પુષ્ટિ પ્રસાદ' પ્રકાશન કાર્યના મનેરથી શ્રીમતી હર્ષાબેન હસમુખભાઈ શાહ પરિવાર (હર્ષા ગ્રુપ) કેમ્પહિલ, પેનસિલવેનિયા, અમેરિકા ના સૌને જય શ્રીકૃષ્ણ.

'પુષ્ટિ પ્રસાદ'ની પ્રગતિના પ્રેરક-પ્રચારક પ્રતિક પુષ્પ બની વિના મૂલ્યે માસિકને સાહિત્ય પ્રચાર માટે દ્રવ્ય સહાય. **હવેથી નીચે મુજબ કાર્યાલયને મોકલવા વિનંતી**
ભારતમાં અજીવન મનોરથી રૂ. ૨૫૦૧, અને જય શ્રીકૃષ્ણ રૂ. ૨૫૧.
વિદેશમાં આજીવન માનોરથી ડોલર: ૧૫૧, અને જય શ્રીકૃષ્ણ ડોલર : ૫૧.

'પુષ્ટિ પ્રસાદ'માં ભુલ અંગે ક્ષમા યાચના.

# 'પુષ્ટિ પ્રસાદ' આજીવન મનોરથી વૈષ્ણવોને સદૈન્ય જય શ્રીકૃષ્ણ

| | |
|---|---|
| શ્રી પંકજભાઈ એ. શાહ | Surat |
| શ્રીમતિ ઉમાબેન અશ્વિનભાઈ શાહ | Andheri |
| શ્રીમતિ રીનાબેન બિપિનભાઈ મરચંટ | Vasai |
| શ્રી વ્રજનીશભાઈ આર. શાહ | MD, USA |
| શ્રીમતિ તિલોતમાબેન વી. શાહ | MD, USA |
| શ્રીમતિ દીપાલીબેન પાર્થિવભાઈ શાહ | MD, USA |
| શ્રીમતિ નિકિતાબેન મિહિરભાઈ શાહ | MD, USA |
| પૂ.શ્રી રમણલાલ ડાહ્યાભાઈ શાહ | MD, USA |
| પૂ.પુષ્પાગૌરી રમણલાલ શાહ | MD, USA |
| શ્રીમતિ રેખાબેન યોગેશભાઈ શાહ | CT, USA |
| શ્રીમતિ કિન્નરીબેન વિપુલભાઈ ચિતલીયા | MA, USA |
| શ્રીમતિ સરોજબેન દિનેશભાઈ શાહ | MA, USA |
| શ્રીમતિ યશુબેન નિખિલભાઈ શાહ | MA, USA |
| શ્રીમતિ રસિલાબેન ભુપેન્દ્રભાઈ શાહ | NY, USA |
| શ્રીમતિ અસ્મિતાબેન બાબુભાઈ શાહ | MA, USA |
| શ્રીમતિ અંશુબેન બચુભાઈ શાહ | NY, USA |
| શ્રી સંજયભાઈ ચિમનભાઈ શાહ | NY, USA |
| શ્રીમતિ મૃદુલાબેન ઠાકોરભાઈ પરિખ | CA, USA |
| શ્રીમતિ હેમલતાબેન વિનોદચંદ્ર ગુંદરીયા | CA, USA |
| શ્રીમતિ શાંતાબેન બી. પટેલ | MA, USA |
| શ્રીમતિ મીરાબેન વિજયભાઈ ચોકસી | NJ, USA |
| શ્રીમતિ જયોતીબેન રક્ષીતભાઈ મજમુદાર | MA, USA |
| શ્રીમતિ ગીતાબેન મુકેશભાઈ કાપડીયા | FL., USA |
| શ્રીમતિ હેમલતાબેન કાંતીલાલ પટેલ | CA, USA |
| શ્રીમતિ મીતાબેન ધ્રુવભાઈ ગુંદરીયા | NY, USA |
| શ્રીમતિ પન્નાબેન જયંતભાઈ ગુંદરીયા | Vyara |
| શ્રીમતિ અમીબેન પંકજભાઈ શાહ | Surat |
| શ્રીમતિ ભદ્રાબેન અશ્વિનભાઈ શાહ | Surat |
| શ્રીમતિ સુજાતાબેન મુકુલભાઈ પટેલ | PA, USA |
| શ્રીમતિ રશ્મિબેન હિમાંશુભાઈ ગુંદરીયા | MA, USA |
| શ્રીમતિ ઈંદિરાબેન નિરંજનભાઈ સંપટ | MA, USA |
| શ્રીમતિ રેખાબેન દેવદાસભાઈ પરીખ | NJ, USA |
| ડૉ. પન્નાબેન કાપડીયા | MA, USA |
| ડૉ. નવીનભાઈ પોપટ | MA, USA |
| શ્રીમતિ મોનાલીબેન નીલેશભાઈ રંગવાળા | FL.USA |
| શ્રીમતિ પુષ્પાબેન ચંદ્રકાંતભાઈ શાહ | Ahd. |
| શ્રીમતિ સ્મિતાબેન નાણાવટી | Mumbai |
| શ્રીમતિ વર્ષાબેન પંકજભાઈ શાહ | Surat |
| શ્રી રણછોડભાઈ પટેલ | Kheda |
| શ્રીમતિ નયનાબેન દિનેશભાઈ શાહ | MD, USA |
| શ્રી ઈન્દ્રવદનભાઈ આર. શાહ | NJ, USA |
| શ્રીમતિ નીલાબેન કે. શાહ | NC, USA |
| શ્રીમતિ અરુણાબેન નિરંજનભાઈ ગાંધી | NC, USA |
| શ્રીમતિ રંજનબેન પ્રમોદભાઈ અમીન | VA, USA |
| શ્રીમતિ મંજુલાબેન હિંમતભાઈ સોની | MA, USA |
| શ્રીમતિ મંજુલાબેન ભુપેન્દ્રભાઈ શાહ | NC, USA |
| શ્રીમતિ રાગીણીબેન અતુલભાઈ શાહ | MA, USA |
| શ્રીમતિ મીનાબેન વિજયભાઈ શાહ | MA, USA |
| શ્રીમતિ ગીતાબેન સુરેશભાઈ દેસાઈ | NJ, USA |
| શ્રીમતિ ગીતાબેન જશવંતરાય જોશી | Caif., USA |
| પૂ. મણીબેન જમનાદાસ પટેલ | USA |
| શ્રીમતિ મીનાબેન અજીતભાઈ ગાંધી | IL, USA |
| શ્રીમતિ માધુરીબેન દ્વારકાદાસ શાહ | NC, USA |
| શ્રીમતિ મીરાબેન દીપકભાઈ મહેતા | NM, USA |
| શ્રીમતિ કુસુમબેન જયંતિભાઈ શાહ | Tx., USA |
| શ્રીમતિ જયોતિબેન મધુભાઈ શાહ | CA, USA |
| શ્રી મહેશભાઈ અમીન | PA, USA |
| પૂ. સંતોકબા છગનલાલ શાહ | NC, USA |
| શ્રી મનીષભાઈ ચંદ્રદાસ પરીખ | Borivali |
| પૂ. ભાનુમતીબેન ચુનીલાલ શાહ | Borivali |
| શ્રીમતિ જયોત્સનાબેન રાજેન્દ્રભાઈ શાહ | Borivali |
| શ્રીમતિ અનીલાબેન હરીશભાઈ દલાલ | NJ, USA |
| શ્રીમતિ લીનાબેન હર્ષભાઈ શાહ | NJ, USA |
| શ્રીમતિ પુષ્પાવતીબેન એસ. માંડવાવાળા | NY, USA |
| શ્રી ભુપેન્દ્રભાઈ ખાનદેશી | CA, USA |
| શ્રીમતિ દક્ષાબેન મહેન્દ્રભાઈ શાહ | GA, USA |
| શ્રીમતિ મીનાબેન પ્રવીણભાઈ શાહ | NJ, USA |
| શ્રીમતિ ઉર્વશીબેન કીરીટભાઈ શાહ | CANADA |
| શ્રીમતિ મધુબેન કાંતીભાઈ સોની | CANADA |
| શ્રીમતિ માલતીબેન જયંતિભાઈ શાહ | CANADA |
| શ્રી નીતીનભાઈ કે. ખાંડવાળા | Surat |
| શ્રીમતિ ખુશમનબેન ડી. શાહ | NJ, USA |
| ડૉ.શીતલબેન તથા ડૉ.બંકીમભાઈ ડી. શાહ | NJ, USA |
| શ્રીમતિ હંસાવતીબેન ડી. પટેલ | MA, USA |
| શ્રીમતિ નીતાબેન એસ. શાહ | FL, USA |
| પૂ. ધીરજબેન જે. પટેલ | FL, USA |
| અ.સૌ. રમીલાબેન પ્રધુમ્ન રાયજીવાળા | Surat |
| પૂ. કાંતાબેન કાંતીલાલ પારેખ | Taxas,usa |
| ચિ. શ્યામાબેન અને ચિ. ગોપેશભાઈ ગણાત્રા | MA, USA |
| શ્રીમતિ ગુલાબબેન છોટુભાઈ પટેલ | NC, USA |
| શ્રીમતિ દિવ્યાબેન ભગવાનદાસ મહેતા | VA, USA |
| શ્રીમતિ મિનાક્ષીબેન એમ. શાહ | NJ, USA |
| શ્રી રમેશભાઈ એમ. શાહ | NJ, USA |
| શ્રીમતિ ચંદ્રિકાબેન જશવંતલાલ પટેલ | GA, USA |
| શ્રીમતિ હર્ષાબેન હસુભાઈ શાહ | PA, USA |
| શ્રીમતિ ચંદ્રિકાબેન જીતુભાઈ સંઘાણી | NA, USA |
| શ્રીમતિ લક્ષ્મીબેન જતીનભાઈ કાપડીયા | NY, USA |
| શ્રીમતિ માધવીબેન મયુરભાઈ દલાલ | NY, USA |
| શ્રીમતિ કલ્પનાબેન દિપકભાઈ રાવ | NJ, USA |
| શ્રીમતિ પલ્લવિબેન શિરિષભાઈ શાહ | NJ, USA |
| પૂ. દુધીબેન ભીમજીભાઈ ભલાલા | VA, USA |
| શ્રી નવનીતભાઈ સી. શાહ | NJ, USA |
| શ્રીમતિ વંદનાબેન છબીલદાસ સંઘવી | GA, USA |
| શ્રીમતિ રંજનબેન કૃષ્ણકાંતભાઈ શાહ | NJ, USA |
| શ્રીમતિ ઉષાબેન ઈન્દ્રવદન શાહ | MD, USA |
| શ્રીમતિ જયોતીબેન અરુણભાઈ દેસાઈ | NJ, USA |
| શ્રી દિનેશભાઈ ડી. કાપડીયા | Surat |
| શ્રી અનસુયાબેન દિનેશભાઈ દેસાઈ | Vadodara |
| શ્રીમતિ મીરાબેન કિરીટભાઈ શેઠ | VA, USA |
| શ્રીમતિ વર્ષાબેન મુકેશભાઈ મજમુદાર | MD, USA |
| ડૉ. ઉર્મિલાબેન ડૉ. સુનિલભાઈ શાહ | NJ, USA |
| ડૉ. સુધાબેન ડૉ. સુધીરભાઈ પરિખ | NJ, USA |
| પૂ. કંચનબેન જીવણલાલ શાહ | MD, USA |
| શ્રીમતિ માયાબેન કિરીટભાઈ ઉદેશી | VA, USA |
| શ્રી ગજેન્દ્રભાઈ એન. દેસાઈ | NJ, USA |
| ડૉ. મયુરીબેન ડૉ. નરેન્દ્રભાઈ શાહ | NJ, USA |
| શ્રીમતિ જયશ્રીબેન કિતીભાઈ દેસાઈ | NJ, USA |
| શ્રીમતિ મિનાક્ષીબેન હર્ષદભાઈ શાહ | GA, USA |
| શ્રીમતિ કોકીબેન હસમુખભાઈ શાહ | NJ, USA |
| પૂ. નંદગૌરીબેન વેણીલાલ જરીવાલા | Surat. |




પુનમ સ્માર્ટ :- ૯૮૨૫૧ ૩૯૩૮૭, ૯૮૨૫૦ ૩૯૩૮૭

**PUSHTI MARGIYA VAISHNAV SAMPRADAYA SAHITYA PRACHAR SEVA PARIWAR**

**PRINTED MATTER - BY AIR MAIL**

# Pushti Prasad

*Shri Pankaj A. Shah*
*Advocate*
304, Lalbhai Contractor Complex,
Opp. Old Parsi Libraty, Nanpura, Surat-395 001.
Tel.# + 91-261-2474151 / 2736292
E-mail : pankajshahadvocate@yahoo.com

*America Contact*
SHRI VRAJNISH R. SHAH
21710, Gorman Drive BOYDS,MD. 20841(U.S.A.)
Tel.# : 301 - 540 - 0006
E-mail : pustiprasadine@yahoo.com

## પુષ્ટિમાર્ગના મુખ્ય સિદ્ધાંત

૧) વેદાદિશાસ્ત્ર પ્રતિપાદિત સર્વોત્કૃષ્ટ, શ્રી કૃષ્ણ જ છે.
૨) પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું ધામ, અક્ષર બ્રહ્મ ગણિતાનંદ છે.
૩) જીવ અણુ છે. શુધ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે અને તે સ્વતઃ વ્યાપક નથી.
૪) શ્રીકૃષ્ણની સેવા એ જ અંશ જીવનો ધર્મ છે. વસ્તુતઃ સ્વધર્મ શ્રીકૃષ્ણની સેવા જ છે.
૫) જગત સત્ય છે.
૬) જગત, જીવ, અંતર્યામી, અક્ષર બ્રહ્મ વગેરેનું નિમિત અને ઉપાદાન કારણ, શુધ્ધ નિર્ગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણ પરમાત્મા જ છે.
૭) જીવે અવિદ્યાથી કલ્પેલો અહંતા મમતાત્મક સંસાર મિથ્યા છે.
૮) આત્મ નિવેદન અને પ્રભુ પ્રપતિ વિના અન્ય વિશ્વધર્મ નથી.
૯) અન્યાશ્રય અને અસમર્પિત વસ્તુ એ બન્નેનો ત્યાગ કરવો આવશ્યક છે.